ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

રહે છે અહીં કઠણ હૈયાં, ભીંજાય તેમ નથી!
પાપોનાં પોટલાં જોઈ મેઘો, રિઝાય તેમ નથી!
પિંજાય તેમ નથી એ આચરણના રૂની ગાંઠો -
રાજદ્રોહ, પાસા, જેલથી મેઘો બી જાય તેમ નથી!

હાઈકુ

બધી આગાહી
પી જાય છે મેઘો
ગાંઠતો નથી!
(જાણે બૂટલેગર!!)

આવી ન શકે
કડક જાપ્તામાંથી
પાણીનો છાંટો
(આ સરહદી સીમા થોડી છે?)

ચિંતન

મુખિયા મુખ સો ચાહિયે, ખાન પાન કો એક,
પાલત પોષત સકલ અંગ, તુલસી દરત વિવેક !!

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.

મુખિયા (નેતા) મુખ જેવો હોવો જોઈએ. ખાવાપીવાનો પરિશ્રમ મોઢું કરે છે, પણ પુષ્ટિ આંખો શરીરને મળે છે તેમ નેતા મહેનત કરે પણ એનું ફળ સમગ્ર સમાજને મળવું જોઈએ.

જેમ હાથીના કાન સૂપડા જેવા હોય છે, નેતાના કાન મોટા હોવા જોઈએ, પરંતુ તે કાચા કાનનો ન હોવો જોઈએ. જેનું સાંભળે તેના તરફ ઢળી પડનારા મીરજાપુરી લોટા જેવા નેતાઓ સમાજ માટે હાનિકારક પુરવાર થાય છે. 'સાંભળવું બધાનું પણ માનવું વિવેકનું' એ વાત નેતાએ ભૂલવી ન જોઈએ. હાથીની આંખો ઝીણી હોય છે. રેતીના ઢગલામાંથી પણ તે સોયને સહજતાથી શોધી કાઢે છે. નેતા પાસે પણ સૂક્ષ્મ દૃષ્ટિ હોવી જોઈએ. સમાજને રાષ્ટ્રહિતની નાની વાત પણ નેતાની નજર બહાર ન રહેવી જોઈએ. પરગુણને પારખવાની દૃષ્ટિ પણ નેતા પાસે હોવી જોઈએ. અને આત્મનિરીક્ષણ દ્વારા સ્વદોષને શોધીને તેને નિર્મૂળ કરવા નેતા કટિબદ્ધ હોવો જોઈએ. દૂર દૂર પણ કશું રાષ્ટ્રવિરોધી રંધાતું હોય તો તેની ગંધ નેતાને પ્રથમ આવી જોઈએ જેથી પાણી પહેલા પાળ બાંધ શકાય.

સુવિચાર

- જગે બાર સૂર્યોને અગિયાર રુદ્રો, અને છે અસંખ્યોની સંખ્યામાં ઈન્દ્રો,
  ખરો દેવ તો કયાંક શોધ્યો જડે ના, અને મુખ્ય છે કોણ એ પણ કળે ના - **મકરંદ મૂસળે**
- આદર્શો સિદ્ધિમાં પરિણામે તે જશિક્ષણ સાચું - **પ્રભાશંકર ત્રિવેદી**
- જે શિક્ષકો સર્જકતામાં ભીંજાતા હોય છે, તેમને ઘડિયાળની ગુલામી નથી ગમતી - **હરેશ ધોળકિયા**
- મધની મીઠાશ એની લાક્ષણિકતા છે. મરચાની તીખાશ એની લાક્ષણિકતા છે. લીંબુની ખટાશ એની લાક્ષણિકતા છે. સૂર્યનો તાપ એની લાક્ષણિકતા છે આ લાક્ષણિકતા ના હોય તો મધ મધ રહે? મરચું મરચું રહે? લીંબુ લીંબુ રહે? સૂર્ય સૂર્ય રહે ? - **ડો. સર્વેશ વોરા**
- તરત જેનું પરિણામ નજરે ન પડે તે વાતની ઉપેક્ષા કરવી એ બુદ્ધિમતાની નિશાની નથી,
  મર્યાદિત દૃષ્ટિની નિશાની છે - **જીવન પાથેય**
- હૈયાથી સાચું કૃષ્ણાપર્ણ હોય તો જીવન યોગ બને, નહીંતર રહે નરી વ્યથા ! - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : એલચીને તવી પર બાળી તેની રાખ મધ સાથે સવાર-બપોર-સાંજ-રાત ચાટવાથી સૂકી ખાંસી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સાધારણ કરિયાણાનો વેપાર કરીને જીવન જીવતો ચતુર વાણિયો હતો. ઘર અને દુકાન એક જ હોવાને કારણે એક ચોર દુકાનમાં બાકોરું પાડ્યું. વાણિયે માથામાં પાંચ શેરી મારી ચોરને પતાવી દીધો. ચોર મર્યો. ચતુર વાણિયો જો એમ કહે કે મેં ચોરને માર્યો તો ચોરના સગાવહાલા એને મારી નાખે. એ બીકે એણે ચાલાકી કરી. જમાદારનું થાણું ઘરથી નજીકમાં હતું. થાણાનાં કલ્લુખાં જમાદારને મળી વાણિયે કહ્યું, 'ચોર ને ભલે મેં માર્યો પણ જો જમાદાર તમે જ ચોરને માર્યો છે એવું જાહેર કરો તો તમને બઢતી મળેઅને ગામના ઠાકોર તમારી કંઈક કદર કરશે.' કલ્લુખાંને વાત ગળે ઉતરી ગઈ અને જાહેરાત પણ થઈ ગઈ. ગામમાં વાતો થવા લાગી કલ્લુખાંએ ચોર માર્યો. દરબાર ઠાકોરે જાહેરમાં કલ્લુખાંને ધોતલી બંધાવી. ચારેબાજુ કલ્લુખાંની વાહવાહ થવા લાગી. આ જોઈ વાણિયણે કહ્યું, 'ચોર ને તો તમે માર્યો છે એમ કહ્યું હોત તો દરબાર ધોતલી આપણને આપત ને!!' વાણિયનની વાત સાંભળી ચતુર વાણિયે કહ્યું, 'બેસ બેસ ડાહીની, તને શું ખબર પડે ધોતલી ના ધોળ ગવાય ત્યારે જોજે.' ચોરના સંગાને ખબર પડી. એટલે કલ્લુખાંને ચોરના સગાઓએ થાણામાં જ પતાવી દીધો અને તેની લાશ ગામના ચોરે લટકાવી દીધી. સવારે સમાચાર મળ્યા. વાણિયને વાણિયાને પૂછ્યું, 'શું થયું ?' વાણિયાએ જવાબમાં કહ્યું, 'ધોતલીના ધોળ ગવાય ને, મેં કહ્યું હતું ને કે આ ધોતલીના ધોળ ગવાશે.' ગુજરાતીમાં કહેવત પણ છે કે 'આગળ બુદ્ધિ વાણિયો પાછળ બુદ્ધિ બ્રહ્મ તરક બુદ્ધિ તરકડું ગોદજો મેલે ગમ.'

'અબ પૂરે દેશ મેં ખેલા હોબે'

તંત્રીસ્થાનેથી...

વિપક્ષી રાજકારણની ધરી તરીકે ઊપસી આવેલાં પશ્ચિમ બંગાળનાં મહિલા મુખ્યમંત્રીએ દેશની રાજધાનીમાં ધામા નાખીને એક પછી એક વિપક્ષી નેતાઓ સાથે મુલાકાતનો દોર શરૂ કર્યો છે. પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી જીતવા ભારતીય જનતા પાર્ટીએ એડીચોટીનું જોર લગાવ્યું હતું અને એની પાસેનાં તમામ સંસાધનો કામે લગાડ્યાં હતા. આખું કેન્દ્રીય મંત્રીમંડળ અને પાર્ટીના તમામ સાંસદોથી લઈ ચૂંટણીમાં ઉપયોગી બની શકે એવી સેલિબ્રિટીજ દ્વારા પશ્ચિમ બંગાળ પર સામૂહિક આક્રમણ જેવો માહોલ સરજાયો હતો. મહાભારતના વીર અભિમન્યુની જેમ મુખ્યમંત્રી મમતા બેનરજી એમનાં મર્યાદિત સંસાધનો દ્વારા મોદી-શાહ જેવા મહારથીઓ સામે 'લાકડાની તલવારે' ઝઝૂમતાં રહ્યાં અને એમને ઘેરી લઈ દાવ ડિકલેર કરવા તલપાપડ ભારતીય જનતા પાર્ટી એમને પોતાના નવા મત વિસ્તારમાં તો હરાવી શકી પણ આખું બંગાળ એની લાડકી દીકરીની પડખે રહ્યું. પરિણામે આખી દુનિયામાં દીદીનો જયકાર થઈ ગયો અને દિલ્હીને કોલકાત્તા પરનું આક્રમણ સરવાળે બહુ જ મોંઘુ પડી ગયું. 'દીદી ઓ દીદી!' જેવા કટાક્ષમય સંબોધનથી કોરોનાકાળમાં લાખોની મેદનીને હસાવી અને તાળીઓ પડાવતા વડાપ્રધાન આજકાલ ૨૦૨૪ની ચૂંટણી વખતે આ દીદી કેવા ખેલ ખેલશે એની ચિંતામાં પડી ગયા છે. બંગાળની ચૂંટણી વખતે મોદીને પડકારતાં 'અબ ખેલા હોબે' શબ્દો ઉચ્ચારેલા જેની મોદી એમની વિશાળ રેલીઓમાં મિમિક્રી કરતા રહેતા હતા. પરંતુ હવે તો મમતા દીદી આખા દેશમાં 'ખેલા' ખેલવાનો પડકાર ફેંકી રહ્યા છે ! ૨૦૨૪ પહેલાં કેટલાંક રાજયોની વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. જો ત્યાં પણ દીદી એની બંગાળી ટોનવાળી હિન્દીમાં પ્રચાર કરવા પહોંચી જશે તો જોવા જેવી થશે એમાં શંકાને સ્થાન નથી. વિજેતા માત્રમાં એક ભયંકર 'કિલિંગ ઈન્સ્ટિંક્ટ' સક્રિય થતી જતી હોય છે. સામેના પ્રતિસ્પર્ધીને નેસ્તનાબૂદ કરવાની આ મનોવૃત્તિ દરેક સફળ નેતામાં વધતાઓછા અંશે જોવા મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પૂર્વ વડાપ્રધાન ઈંદિરા ગાંધીમાં એ ભરપૂર માત્રામાં જોવા મળી છે. એવી 'કિલિંગ ઈંસ્ટિંક્ટ' કયારેય ડૉ. મનમોહનસિંહ જેવા વિચક્ષણ નેતામાં નહોતી, પરિણામે તેઓ લોકસભાની બેઠક સુધ્ધાં જીતી નહોતા શક્યા. સતત રાજ્યસભાના સદસ્ય તરીકે જ સદનમાં પ્રવેશતા રહ્યા. મમતા બેનરજી અને માયાવતીમાં આ મનોવૃત્તિ પૂરેપૂરી વિકસી છે. માયાવતી હારીને ખૂણે પાડનારાં નેતા નથી. એમનું મર્યાદિત વોટબેંકનું રાજકારણ પણ એ વારંવાર જીવંત રાખવા મથે છે. મમતા બેનરજી માટે આગામી લોકસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરતાં પણ વધારે મહત્ત્વનીબની રહેવાની છે. જો બંગાળ જેવો જ ખેલા ખેલી જાણશે તો એ એમનાં જીવનની સર્વોચ્ચ પ્રાપ્તિ અને ઉપલબ્ધિ બની રહેશે. એ માટે એમણે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. કથળતી તબિયત વાળી રાષ્ટ્રીય પાર્ટી - કોંગ્રેસને એમને પોતાના રાજયમાંથી તો જડમૂળથી ઉખાડીને બંગાળના ઉપસાગરમાં ફેંકી દીધી છે. પરંતુ તેઓ પોતાની મર્યાદાથી પણ પૂર્ણપણે વાકેફ છે. તેઓ મોદીની રાજનીતિ અને હિંદુત્વ કાર્ડની પ્રચંડ શક્તિથી પણ અજાણ નથી. આવા સંજોગોમાં ૨૦૨૪નું એમનું એક માત્ર લક્ષ્ય 'મોદી વિરુદ્ધ દેશ' છે, તે એમને અત્યંત સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી દીધું છે. કોંગ્રેસ ભલે હારેલી-થાકેલી પાર્ટી હોય પણ એને સાથે લીધા વગર વિપક્ષો મોદી સામે ટક્કર નહીં આપી શકે એવી એમની પરિપક્વ સમજણ છે. એટલે જ એમણે શરુઆતમાં એમના રાજકીય સલાહકાર પ્રશાંત કિશોરને કોંગ્રેસી નેતાઓ સાથે ચર્ચા વિચારણા કરવા મોકલી આપ્યા અને પછી જાતે એના સિનિયર નેતાઓ ઉપરાંત સોનિયા - રાહુલને મળી આવ્યા. એમણે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ, બિહારના અઠંગ ખેલાડી લાલુ યાદવ અને શરદ પવાર જેવા વરિષ્ઠ નેતાઓ સાથે પણ વિપક્ષી એકતાના મુદ્દે વાત કરી છે. ફારુક અબ્દુલ્લા અને ડીએમકે - સહિતના દક્ષિણ પ્રાદેશિક પક્ષો પણ એજન્ડા પર છે. પેગાસસ જાસૂસી મુદ્દે અને ખેડૂતોના પ્રશ્ને સમસ્ત વિપક્ષ એક છે, એવી પ્રતીતિ સંસદના ચોમાસુ સત્રમાં પણ થઈ રહી છે. વડાપ્રધાન સાથેની સૌજન્ય મુલાકાતમાં દીદીએ આ મુદ્દે તપાસની માગણી ઉપરાંત પોતાના વિશાળ રાજયમાં વસતિના પ્રમાણમાં કોરોના વિરોધી રસીની માગણી મૂકી છે. શરદ પવાર જેવા સિનિયર નેતાથી લઈ વિચારસરણીની રીતે તદન સામસામી એવી શિવસેનાના ઉદ્ધવ ઠાકરેને પણ દીદી એકજૂટ રાખી પોતે સમગ્ર 'ખેલા'નાં અમ્પાયર બનવા તૈયાર છે. કોના નેતૃત્વ હેઠળ વિપક્ષ ૨૦૨૪ની ચૂંટણી લડશે તે સમય નક્કી કરશે પણ એનાં સંયોજક મમતા બેનરજી હશે તે અત્યારથી સુનિશ્ચિત થઈ ચૂક્યું છે. 'ખેલા' બારે રોમહર્ષક બની રહેશે એમાં શંકાને સ્થાન નથી!

વિદુર વાણી - શાણી વાણી !

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

એકલું 'વિદુર' બોલાય નહીં, એમ જ બોલાય - 'ધર્માત્મા વિદુર' - ખરેખર તોએ ધર્મરાજ યમ હતા;મ માંડવ્ય ઋષિના શાપને કારણે કુરુવંશમાં દાસીપુત્ર અને ધૃતરાષ્ટ્રના ભાઈ તરીકે જન્મ લેવો પડ્યો હતો.

દુર્યોધને સંધિનો સ્વીકાર ન કર્યો. યુદ્ધ હવે અનિવાર્ય હતું. પાંડવોની સેના ચડિયાતી હતી; આતી ધૃતરાષ્ટ્રને ચિંતા અને વ્યગ્રતા હતી. એણે વિદુરને સ્વસ્થતા માટે બોલાવ્યા. વિદુરે એને નીતિવચનો સંભળાવ્યા.

મહાભારતમાં આ અંશ આઠ અધ્યાયમાં છે; તે 'વિદુર નીતિ' તરીકે જાણીતો છે. (ઉદ્યોગ પર્વ ૩૩ થી ૪૦). આમાંથી કેટલાંક નીતિવચનો અહીં આપ્યાં છે.

(૧) હે રાજા ! જરૂરિયાત પ્રમાણેની આવક, કાયમની તંદુરસ્તી, પ્રેમાળ બોલતી અને પ્રિય પત્ની, આંજ્ઞાક્તિ સંતાન, આવક ઊભી કરી શકે એટલી વિદ્યા - આ છ સંસારના સુખો છે.

(૨) બાણોથી વિંધાયેલું હોય, કે પરશુથી છેદાયેલું હોય; એ વન ફરીથી ઊગે છે; પરંતુ ખોટી રીતે કહેવાયેલા અને તિરસ્કારવાળાં વચનો, જે ઘાવ પહોંચાડે છે - એ ફરીથી રૂઝાતા નથી.

(૩) કોણ કોના નાશ કરે છે? - ઘડપણ સૌંદર્યનો, આશા ધૈર્યનો, મૃત્યુ પ્રાણોનો, ઈર્ષા ધાર્મિક આચરણનો, ક્રોધ કલ્યાણનો, હલકા માણસની સેવા ચારિત્ર્યનો, વિષય વાસના લજ્જાનો, અભિમાન તમામનો.

(૪) હે રાજા ! હંમેશા, તને ગમે એવું બોલનારા માણસો આસાનીથી મળી રહેશે; પરંતુ કડવું હોય અને છતાં હિતકારક હોય એવું બોલનારા અથવા સાંભળનારા આસાનીથી નહિ મળે.

(૫) દરેક પરિવારમાં - સ્ત્રીઓ પૂજનીય છે, લક્ષ્મી સ્વરુપા છે. પવિત્ર છે, ઘરની દીવડીઓ છે. એટલા માટે એમની વિશેષ કાળજી લેવી.

(૬) જયારે એકબીજાનાં મન મળી ગયા હોય,એકબીજાનાં રહસ્યો સચવાઈ રહેતા હોય, વિચારવાનું એક સરખું હોય; ત્યારે તે બંનેની મિત્રતા કયારેય પણ નાશ પામતી નથી.

(૭) આળસ મદ્યપાન, આસક્તિ, ચંચળતા, અથવગરનો બકવાસ, જડતા, અભિમાન અને લાલચ - વિદ્યાર્થી માટે આ બધા દોષો છે.

(૮) બીજાની સંપત્તિ પડાવી લેવી, બીજાંની પત્નીને હેરાન કરવી, પોતાના મિત્રને છોડી દેવો - આ ત્રણ દોષો કોઈ પણનો વિનાશ કરે છે.

(૯) જે બાબતમાં કોઈએ જેવું વર્તન કર્યું હોય, એવું જ વર્તન તે મનુષ્ય સાથે કરવું. કપટ કરનારા સાથે કપટ કરવું; પરંતુ સારું આચરણ કરનારા સાથે સજ્જનતા જાળવવી.

(૧૦) આવાં માણસને કાયમને માટે છોડી દેવા - બીજાની નિંદા કરતા હોય, બીજાંને દુ:ખ દેતા હોય, કાયમ સતત વિરોધ જ કર્યા કરતા હોય, જેને જોતાં જ અણગમો થાય. જેની સાથે રહેવામાં જોખમ હોય, જેને દાન કરવા જતાં આફત આવી પડે, જે સંબંધોમાં ફાટફૂટ પડાવતા હોય જે લાલચું હોય, જે શરમ વગરના હોય, જે કપટી હોય, જે પાપી તરીકે જ જાણીતા હોય. જેની સાથે રહેવામાં લોકનિંદા સદન કરવી પડે, જેનામાં અનેક પ્રકારના બીજા દોષો હોય.

ધર્માત્માની આ સલાહો સૌ કોઈને ઉપયોગી છે.

ગુજરાતમાં સરેરાશ સૌથી વધુ વરસાદ કયા જિલ્લામાં થાય છે?

ખજાનો

અનિલ પટેલ

ગુજરાતની ભૂગોળ

૧ ચિંકારા અભ્યારણ્ય કયાં આવેલું છે?
(અ) ચરોતર (બ) ઝાલાવાડ
(ક) નારાયણ સરોવર (ડ) નળ સરોવર

૨ ગુજરાત રાજયનો સૌથી મોટો વનસ્પતિ ઉદ્યાન કયાં આવેલો છે?
(અ) વઘઈ (બ) વડતાલ
(ક) વડનગર (ડ) વલસાડ

૩ ગુજરાતમાં સૌ પ્રથમ ખનીજતેલ કયાં મળી આવ્યું હતું ?
(અ) કલોલ (બ) અંકલેશ્વર
(ક) બાજવા (ડ) લૂણેજ

૪ ગુજરાતમાં સૌ પ્રથમ કયા શહેરને પાઈપલાઈનથી ગેસ પુરો પાડવામાં આવ્યો હતો?
(અ) અમદાવાદ (બ) વડોદરા
(ક) ભરુચ (ડ) અંકલેશ્વર

૫ અદાણી પોર્ટ કયાં આવેલું છે?
(અ) દહેજમાં (બ) માંડવીમાં
(ક) જખૌમાં (ડ) મુદ્રામાં

૬ ગુજરાતમાં પારસી ધર્મના લોકોનું પવિત્ર સ્થળ કયાં આવેલું છે?
(અ) સાયન (બ) સંજાણ
(ક) ઉમરગામ (ડ) ઉદવાડા

૭ નીચેનામાંથી કયા સ્થળે સિરામીક ઉદ્યોગ વિકસ્યો નથી ?
(અ) વાંકાનેર (બ) મોરબી
(ક) વેરાવળ (ડ) શિહોર

૮ જી.એન.એફ.સી. રાસાયણિક ખાતરનું કારખાનું કયાં આવેલું છે?
(અ) કંડલા (બ) નર્મદાનગર (ભરુચ)
(ક) કડી (ડ) કલોલ

૯ કાનમ પ્રદેશ કયા જિલ્લામાં છે?
(અ) વડોદરા (બ) પંચમહાલ
(ક) ગાંધીનગર (ડ) અમદાવાદ

૧૦ ગુજરાતમાં કયા જિલ્લામાં સાગ પુષ્કળ પ્રમાણમાં થાય છે?
(અ) સુરત (બ) પંચમહાલ
(ક) જૂનાગઢ (ડ) વલસાડ

૧૧ ગુજરાતમાં એકમાત્ર હવાખાવાનું સ્થળ કયું છે ?
(અ) પારાનેરા (બ) સાપુતારા
(ક) રાજપીંપળા (ડ) તારંગા

૧૨ સાત નદીઓનો સંગમ કયાં થાય છે ?
(અ) નારાયણ સરોવર (બ) નળ સરોવર
(ક) કૌઠા (ડ) વૌઠા

૧૩ ગુજરાતમાં સરેરાશ સૌથી વધુ વરસાદ કયા જિલ્લામાં થાય છે ?
(અ) કચ્છ (બ) સુરેન્દ્રનગર
(ક) વલસાડ (ડ) મહેસાણા

૧૪ નીચેનામંથી કયો ડુંગર કચ્છમાં આવેલ છે ?
(અ) બરડો (બ) તારંગા
(ક) ચોટીલો (ડ) ભુજીયો

૧૫ બ્રાસ મેટલ ઉદ્યોગનું કેન્દ્ર કયો જિલ્લો છે ?
(અ) અમદાવાદ (બ) જામનગર
(ક) સુરત (ડ) મહેસાણા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ

૨૯ જુલાઈ :
અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા નાશાની સ્થાપના થઈ (૧૯૫૮)
ઈટાલીન સરમુખત્યાર બેનીસે મુસોલીનનો જન્મ દિવસ (૧૮૮૩)
પ્રિન્સ ચાર્લ્સ અને ડાયેનાના લંડનમાં લગ્ન થયા (૧૯૮૧)
ઉદ્યોગપતિ જે.આર.ડી. તાતાનો જન્મદિવસ (૧૯૦૪)
૩૦ જુલાઈ :
- પ્રુસિયાના પૂર્વવડાપ્રધાન ઓટ્ટો વાન બિસ્માર્કનું અવસાન (૧૮૯૮)
- મશહુર સ્વીડીશ સ્ક્રીન રાઈટર અને ડીરેકટર ઈન્ગમાટે બેર્મમાનનું અવસાન (૨૦૦૭)
- ઉરુગ્વે એ આર્જિટીનાને હરાવી પ્રથમ ફૂટબોલ વર્લ્ડકપ જીત્યો (૧૯૩૦)
- અમેરિકન ઉદ્યોગપતિ અને એટોમોબાઈલ ક્ષેત્રે મશહુર હેન્રી ફોર્ડનો જન્મદિવસ (૨૦૦૭)

● ૩૧ જુલાઈ
- હિન્દી ભાષાના સમર્થ નવલકથાકાર મુનશી પ્રેમચંદનો જન્મદિવસ (૧૮૮૦)
- એપોલો-૧૫ના અવકાશયાત્રી જેમ્સ ઈર્વીન અને ડેવીડ સ્કોટે પ્રથમ લ્યુનાર રોવિંગ વ્હિકલ ચંદ્રની ધરતી પર ચલાવ્યું (૧૯૮૦)
- જાણીતા અમેરિકન ઈકોનોમીસ્ટ મિલ્ટન ફ્રિડમેનનો જન્મદિવસ (૧૯૧૨)
- હિન્દી ફિલ્મોના પાર્શ્વ ગાયક મહમદ રફીનું નિધન (૧૯૮૦)

● ૧લી ઓગસ્ટ
- કલાગુરુ રવિશંકર રાવળનો જન્મદિવસ (૧૮૯૨)
- ફ્રાન્સના રાજા હેનરી-૩ પર જેકેલ કલેમેન્ટે ઘાતકી હુમલો કર્યો (૧૫૮૯)
- અમેરિકન અવકાશ વૈજ્ઞાનિક મારિયા મિચેલનો જન્મદિવસ (૧૮૧૮)
- ૧૯૮૨માં સઉદી અરેબિયાના કીંગ બનેલ ફહાદનું અવસાન (૨૦૦૫)

● ૨ ઓગસ્ટ : દાદરા અને નગર હવેલી મુક્તિ દિવસ
- મશહુર આઈરીસ એક્ટર પિટર ઓ-ટુલેનો જન્મદિવસ (૧૯૩૨)
- ૧૯૯૯માં કેમેસ્ટ્રીનું નોબેલ પારિતોષિક વિજેતા પ્રથમ અરબ એવા અહેમદ જેવાલીનું અવસાન (૨૦૧૬)
- અમેરિકન લેખક વિલિયમ બુરોધનું અવસાન (૧૯૯૭)
- નર્મદા શંકર મહેતાની જન્મજયંતિ (૧૮૭૧)

● ૩ ઓગસ્ટ :
- ત્રિભુવનદાસ ગજ્જરની જન્મજયંતિ (૧૮૬૩)
- પુરુષોત્તમ ગ. માવલંકરની જન્મજયંતિ (૧૯૨૮)
- બ્રિટનના પૂર્વ વડાપ્રધાન સ્ટેનલી બાલ્ડવીનનો જન્મદિવસ (૧૮૬૭)
- મશહુર ફ્રેન્ચ ફોટોગ્રાપર હેનરી કાર્ટીયર બ્રેસનનું અવસાન (૨૦૦૪)

● ૪ ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય મૈત્રી દિવસ
- અમેરિકન પૂર્વ પ્રમુખ બરાક ઓબામાનો જન્મદિવસ (૧૯૬૧)
- મંગળની ધરતી પર બરફ કે પાણી છે કે નહીં તેની તપાસ કરવા નાશાએ સ્પેસ પ્રોબ ફોએનીકલ લોન્ચ કર્યું (૨૦૦૭)
- ભારતનું પ્રથમ અણુ રીએક્ટર 'અપ્સરા' નું લોકાર્પણ થયું (૧૯૫૬)
- મશહુર પાર્શ્વ ગાયક કિશોર કુમારનો જન્મદિવસ (૧૯૨૯)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રીનું નામ શું છે?

જવાબ : પુસ્કરસિંહ ધામી

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) રુજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પઠક - ઈન્ફો જુ.સા. કૉલેજ (૫) હાર્દિક ભટ્ટ - સે-૨૪ (૬) પંકજ પ્રજાપતિ : ઉવારસદ (૭) મેહુલ એલ પટેલ : સે-૩ (૮) શિવાંગ બી પટેલ : સરગાસણ

આ સપ્તાહનો સવાલ

કર્ણાટકમાં યેદિયુરપ્પાની જગ્યાએ નવા મુખ્યમંત્રી તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સીધે રસ્તે કી ટેઢી ચાલ હૈ... સબ ગોલમાલ!

હળવે હૈયે

પ્રકાશ લાલા

આજે 'સં.મા' નોવાર. સૌને 'જ.સં.મા.' આજે વાત કરવી છે. 'શો.ક'ની. ગૂંચવાઈ ગયા? અરે ભાઈ, 'શો.ક.' એટલે 'શોર્ટ કટ'ની વાત. ઓહ ! જોયુને અમે ય કેવા છીએ....'શોર્ટકટ'ની ચર્ચા કરવામાં અમે બધું 'શો.ક.' માં ચલાવવા માંડ્યું !! સંતોષી મા માટે 'સં.મા' ને જય સંતોષી મા માટે 'જ.સં.મા' લખાઈ ગયું.... સૉરી...

આમ તો 'શોર્ટ કટ' એટલે ક્યાંક પહોંચવા કે કોઈ કામ કરવાનો ઝડપી, સરળ ને સીધો રસ્તો. અમારા સંબોધન મુજબ આ ઝડપી - સરળ રસ્તો કહેતાં 'શો.ક.' શોધવા ને અપનાવવાના મૂળમાં વ્યક્તિની આળળ અને સમયની બચત કરવાની વૃત્તિ જ પડેલાં હોય છે. અને આમાં આપણાં પૂર્વજો ય બાકાત ન હતા. એમણે ય લાંબુ લખવાની આળસ તથા સમય કાગળમાં સ્પેસ ને કલમમાં શાહી (ઈન્ક) બચાવવા જ મુ.પો. (મુકામ પોસ્ટ), પ.પૂ. (પરમ પૂજ્ય), રા.રા. (રાજમાન રાજેશ્વરી), દા.ત. (દાખલા તરીકે) વગેરે 'શો.ક.' માં લખવાનું શરૂ કરેલું હશે ને! અને આજ સોશિયલ મીડિયાના મેસેજીસની આપ-લેમાં તો 'જે.એસ.કે.', 'એ.અ.બે.પો.' (એઝ અર્લી બેઝ પોસિબલ) 'ટી.સી.' (ટૅક કેર)ને કંઈ કેટલાય શોર્ટ ફોર્મ શોર્ટકટ માટે ચલણમાં આવી ગયા છે, જેમાં 'ફૂ.ફો' (ફૂલ ફોર્મ, ભાઈ!) નાના છોકરાંય જાણતાં હોય છે.

આપણે બધાંએ કયાંક ને કયાંક, કયારેક ને કયારેક શો.ક. શોર્ટકટનો સહારો લીધો જ છે, હોં... નાનપણમાં ચાલતા કે સાઈકલ પર સ્કૂલે કે કોઈ મિત્ર-સગાને ઘરે જલ્દી ને વ્હેલા પહોંચવા માટે મેઈન રોડને બદલે ગલી-ગૂંચી-આડા અવળા શોર્ટકટ શોધીને ઉપયોગમાં લીધા હતા કે નહીં, હેં ? અને આજે એ ય 'શોર્ટકટ' મારવાની વૃત્તિને ટેવના જોરે ઘણા સ્કૂટર કે મોટરકારવાળા વિરલા, લાંબો-સીધો ટ્રાફિક માટે સલામત ને નિયમ બદ્ધ રસ્તો પકડવાને બદલે રોંગ સાઈટ ડ્રાઈવિંગ કરતા જોવા... ના, ના... અથડાતા ને બીજા માટે જોખમ ઊભું કરતાં મળે જ છે ને!!

ઘર નજીકના મેઈન રોડ પર ઝટ પહોંચી જવાય, મોંઘા પેટ્રોલની ને સમયની બચત થાય તે સારું, ફેન્સિંગ, દીવાલમાં બાકોરાં પાડી, બેરીકેટ હટાવી દઈ, ફૂટપાથ પરથી ઉતરવા પથરા ગોઠવી દઈને ત્યાંથી ફટાફટ નીકળવાના રસ્તા કાઢનારા સજ્જનો શિક્ષિત નાગરિકો તેમની આવી 'શોર્ટકટ'ની (કુ) ટેવ માટે શું ઈનામ મળવું જોઈએ?

આપણે 'શોર્ટકટ' કયાં કયાં નથી અપનાવ્યા ! સ્ટડી દરમિયાન સ્યોર સજેશન્સ, ગાઈડ્સ, 'ફલાણો ઢીંકણો સબજેક્ટ 'ઈન ટુ અવર્સ' 'આઈ એમપી ફોર એક્ઝામ' વગેરે વગેરેનો કરેલો ઉપયોગ પણ એક પ્રકારે પરીક્ષાની વૈતરણી પાર કરને કા 'શોર્ટ કટ' નહીં થા તો ઔર ક્યાં થા ?

કયારેક પરિવાર, ફ્રેન્ડ સર્કલ સાથે 'આઉટિંગ' - ટ્રીપ ટૂર પર ગયા હોઈએ ત્યારે ડુંગર ચઢવા-ઉતરવા જંગલ ખુંદવા સીધા રસ્તાને બદલે બહાદુરી બતાવવા ને 'ડેસ્ટિનેશન' પર સૌથી વહેલાં-પહેલાં પહોંચવા માટે 'શોર્ટ કટ' વાળી કેડીઓ ને નવા ચીલા ચાતરતા હોઈએ છીએ.... એટલે કહી શકાય કે આળસ, સમયની બચત ઉપરાંત માણસની સાહસવૃત્તિ પણ 'શોર્ટકટ'નું એક કારણ હોય છે.

ઘણા તો હંમેશા 'શોર્ટકટ' જ શોધતા ફરતા હોય છે... ઝાઝી મહેનત વગર, પરસેવો પાડ્યા વગર ઝટપટ પૈસાદાર બની જવા ઈચ્છતા લોકો કોઈને કોઈ 'શોર્ટકટ' ના પ્રયોગો અજમાવતા ફરે છે. ઉ.ત. : ચોરી-ચપાટી, છેતરપીંડી, ચારસોવીસી.

તો આવા પ્રયોગવીરોની 'એકના ડબલ' કરવાની સ્કીમના શિકાર બનનારા પણ સ્પીડી મીની કમાઈ લેવાની લાલચમાં અને 'શોર્ટ કટ'ની વૃત્તિવાળા જ કહેવાય કે બીજું કંઈ ? એમ તો પરણવાની ઝંઝટમાં પડ્યા વિના ને લગ્નનો ખર્ચ કર્યા વિના 'લીવ ઈન રીલેશનસીલ'માં રહેવું એને ય એક જાતનો 'શોર્ટકટ' ગણાય ખરો ?

'ઈન શોર્ટ' બીજાને તકલીફ-મુસીબતમાં ન મૂકીએ, 'ન કાયદા-નિયમો નેવે ન મૂકાય કે મલ્યો સચવાઈ રહે તે રીતે અપનાવેલા 'શોર્ટ કટ' સામે બીજાને શો વાંધો હોઈ શકે, ખરું ને?' ચાલો, પૂરું કરું... નહીં તો પાછા કહેશો કે 'શો.ક.'ની વાતો 'શોર્ટ' માં ના પતાવતા તે આટલું લાંબુ ખેંચ્યું !?

● ● ●

'શેરી મિત્રો સૌ મળે, તાલી મિત્રો અનેક,
વિપત પડે સાથે રહે, એ લાખોમાં એક.'

'એ ફ્રેન્ડ ઈન નીડ ઈઝ અ ફ્રેન્ડ ઈન્ડીડ' એવી સાચા મિત્રની વ્યાખ્યા સમજાવતી પંક્તિઓ યાદ આવવાનું કારણ છે 'ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ ડે...' જે આજે ૩૦ જુલાઈએ છીએ.

ફ્રેન્ડ, દોસ્ત, મિત્ર, સખા, ભાઈબંધ, ગોઠિયો ગમે તે કહીએ પણ સાચો એ જ કે જેની પાસે હસી જ નહીં, રડી પણ શકાય, દિલની કિતાબ ખુલ્લી મૂકી શકાય, જેને ત્યાં વિના ફોને - વગર એપોઈનમેન્ટે ગમે ત્યારે જઈ ચઢાય, ભૂખ લાગી હોય તો માંગીને કે જાતે લઈને ખાઈ શકાય... આવા દોસ્ત જેને નસીબ થયા હોય એની જાહોજલાલી ને બાદશાહતની વાત જ ઓર હોય છે.

આજે સૌને ઢગલાબંધ 'ફૅસબુકિયા ફ્રેન્ડઝ' હોય છે ત્યારે બે-પાંચ આવી જાહોજલાલીવાળા રિયલ ફ્રેન્ડ હોય - મળે એવી આજના દિને શુભકામનાઓ ....